


(રાહુલ ચીમનભાઇ મહેતા , રાઇટ ટુ રિકોલ ગ્રુપ , ૯૮૨૫૧-૨૭૭૮૦)

## જનલોકપાલ એટલે શુ?

અન્ના હજારેજી જે પ્રસ્તાવિત કાયદાની માટે આમરણ ઉપવાસ રાખ્યો હતો - તે પ્રસ્તાવિત કાયદાનું નામ છે - જનલોકપાલનો (અને રાજ્ય સ્તરે જન લોકઆયુક્તનો) કાયદો. આ કાયદો પસાર થયા પછી પ્રધાનંમંત્રી , સુપ્રિમનાં ૨ ન્યાયાધીશો , અન્ય ૬ એમ કુલ ૯ જણાની સિલેક્શન કમીટી બનશે. આ સિલેક્શન કમીટી ૧૦ માણસોની 'શોધખોળ કમીટી' (સર્ચ કમીટી) નિમશે. આ શોધખોળ કમીટી આશરે ૩૩ એવા માણસો શોધશે જે લોકપાલ બનવાને લાયક હોય. અને એમાંથી ૧૧ ને સિલેક્શન કમીટી લોકપાલ બનાવશે. અને રાજ્ય સ્તરે આ મુજબ ૧૧ લોકઆયુક્તોની નિમણુંક થશે. આ ૧૧ લોકપાલો કે ૧૧ લોકઆયુક્તો અને તેમના દ્વારા નિમેલ સ્ટાફ તલાટી, પોલીસ કોન્સ્ટેબલો, પી આઇ, પોલિસ કમિશ્નર, ઇન્કમટેક્ષ અધિકારીઓ, ન્યાયાધીશો, હાઇકોર્ટનાં જસ્ટીસો, સુપ્રિમનાં જસ્ટીસો, મંત્રીઓ, કલેક્ટરો વગેરે આવા ભારતની સરકારનાં ૧ કરોડથી વધારે અધિકારીઓનાં ભ્રષ્ટાચાર પર નિયંત્રણ લાવશે. આ ૧૧ લોકપાલો પાસે અમાપ સત્તાઓ છે. તઓ કોઇપણ અધિકારી, મંત્રી, સાંસદ, ન્યાયમુર્તિની સામે કોઇની પણ પરવાનગી વિના છટકા ગોઠવી શકશે, તપાસ કરી શકશે અને કેસ ચલાવી શકશે. અને તે અધિકારી, મંત્રી, સાંસદને જામીન ન મળે ત્યાં સુધી જેલમાં પણ રહેવું પડશે. આમ લોકપાલો પોતાની સત્તાઓ દ્વારા ભ્રષ્ટ અધિકારીઓ, સાંસદો, મંત્રીઓ વગેરેને સજા કરાવી શકશે અને આથી ભ્રષ્ટાચાર ઘટશે. પણ જો ચાલુ ભ્રષ્ટ અધિકારીઓ, ભ્રષ્ટ મંત્રીઓ અને ભ્રષ્ટ ન્યાયાધીશો આ ડઝન લોકપાલોને બગાડી નાખે અને તેમને પણ લાંચ-રિશ્વતના બંધાણે ચડાવી દે તો? તો શુ આપણે પ્રજાએ પાંચ વર્ષ કે આવતા જનમ સુધી રાહ જોવાની? આ સમસ્યાઓનો ઉપાય છે :- **રાઇટ ટુ રિકોલ લોકપાલ**. આ રાઇટ ટુ રિકોલ એટલે શુ?

## રાઇટ ટુ રિકોલ એટલે શુ?

આપણામાંથી અનેકનાં મિત્રો-સંબંધી અમેરીકામાં રહે છે. ક્યારેક વાત થાય તો જાણવા મળેકે અમેરીકાની

પોલિસમાં ભ્રષ્ટાચાર અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર/સગાવાદ ભારત કરતા ઓછો છે. **કેમ?** શુ તેનુ કારણ સારા પગારો છે? હુ કોન્સ્ટેબલો, પીઆઇ વગેરેનાં પગારો વધારવાની માંગણીને ટેકો આપુ છુ. અમેરીકામાં પોલિસનાં પગાર ત્યાંની આવકનાં પ્રમાણમાં પણ અહિંથી સારા છે. પણ શુ તે એકમાત્ર કારણ છે? હમણાજં હાઇકોર્ટનાં ન્યાયાધીશોનાં પગાર આશરે રુ ૭૦,૦૦૦/- વત્તા ભત્તાઓ થયા. તો શુ હાઇકોર્ટનાં ન્યાયાધીશોએ સગાવાદ ઘટાડી દિધો? અને માનો કે ઓછો પગાર એક કારણ છે. તો માણસ કરોડ બે કરોડ પછી અટકી જાત.પણ શુ દસ કરોડ કમાયા પછી પણ આપણા કમિશ્નરો કે ન્યાયાધીશો અટકે છે? તો જો આમનાં પગાર ચાર ગણા પણ થશે, તો પણ ભ્રષ્ટાચાર અટકવાનો છે? આમ, પગાર મોંઘવારી પ્રમાણે જરુર વધારવા  જોઇએ, પણ પગાર વધારા માત્રથી ભ્રષ્ટાચાર નહી ઘટે. **તો પછી અમેરીકાની પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર ભારતની પોલિસ અને ન્યાયાધીશો કરતા કેમ ઓછો છે?** આ પ્રશ્ન ક્યારેક બુદ્ધીજીવીઓને પુછીયે તો તેઓ વિચિત્ર જવાબો આપે. કોઇ બદ્ધીજીવી કહે કે  -- તમે કત્થઇ ચામડીવાળા ભારતીયોએ ગોરી ચામડીના અમેરીકનો સાથે સરખામણી કરવાની મજાલ પણ ન કરવી જોઇએ. કોઇ બદ્ધીજીવી કહે કે -- અમેરીકાનાં નાગરીકોનું પોલિટીકલ કલચર સારુ છે અને ભારતનાં સામાન્ય નાગરીકોનું પોલિટીકલ કલચર હલકુ છે. અને એટલેજ ભારતમાં પોલીસ અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે. અર્થાત, અમો ભારતમાં સામાન્ય નાગરીકો હલકા કલ્ચર (કલ્ચર એટલે સંસ્કાર) વાળા છીએ. અને પોલીસ, ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેનુ કારાણ અમો સામાન્ય નાગરીકો છીએ !! અને કોઇ બદ્ધીજીવી એમ પણ કહશે -- કે ભારતમાં પોલિસમાં અને ન્યાયાધીશોમાં ભ્રષ્ટાચાર વધારે છે, કેમકે -- તમો સામાન્ય નાગરીકોમાં જાગૃતિ નથી. વાહ બદ્ધીજીવી વાહ !! અને વાહ તમારા ચાર આંકડાનો આઇ.ક્યુ !! લાંચ લેવાનો ગુન્હો પોલિસ અને ન્યાયાધીશો કરે અને તેમાં પણ તમો બદ્ધીજીવીઓને વાંક અમો સામાન્ય નાગરીકોનો અને અમારા કલ્ચરનો કાઢવો છે? બુદ્ધીજીવીઓનું આ કેરેકટર, પોલિટિકલ કલ્ચર, જાગૃતિ વગેરેનુ મહાજ્ઞાન મારી સામાન્ય બુદ્ધિથી અને સમજથી પરે છે. તો પછી ભારતની પોલિસમાં ભ્રષ્ટાચાર વધારે છે, તેના એવા કારણ ખરા કે આપણે સામાન્ય માણસોનાં મગજમાં આવી શકે? હા. એવા સરળ કારણો છે - કે જે આપના અને મારા જેવા સામાન્ય નાગરીકની સમજમાં આવી શકે.

અમેરીકાની પોલિસમાં ભ્રષ્ટાચાર ઓછો છે, તો તેનુ એક્માત્ર કારણ છે - **અમેરીકામાં નાગરીકો પાસે ત્યાંના જિલ્લા પોલિસ કમિશ્નરને કાઢી મુકવાની પ્રોસીજર -- યાને રાઇટ ટુ રિકોલ -- છે**. ભારતમાં અમો નાગરીકો પાસે માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિ પાસે ફરીયાદ કરવાની સત્તા માત્ર છે -- કમિશ્નર સાહેબને કાઢી મુકવાની સત્તા અમો નાગરીકો પાસે નથી. આ કાઢી મુકવાની સત્તા માત્ર મિનીસ્ટર કે ન્યાયમુર્તિઓ પાસે છે. અમેરીકામાં નાગરીકોને તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને નોકરીમાંથી કાઢી મુક્વો હોય તો નાગરીકોએ મિનિસ્ટર કે કોર્ટના ધક્કા નથી ખાવા પડતા. નાગરીકો જાતે બહુમતિ સાબિત કરી તેમના જિલ્લા પોલિસ કમિશ્નરને બદલી શકે છે. આમ, અમેરીકાનાં તમામ ૨૦૦૦ જિલ્લા પોલિસ કમિશ્નરોને હંમેશા એકજ ભય હોય છે - કે જો પોતે ખુબ લાંચ લેશે અથવા જો સ્થાનિક પોલિસમાં ભ્રષ્ટાચાર વધશે, તો નાગરીકો તેને કાઢી મુકશે. એટલે કમિશ્નર પોતે નહીંવત લાંચ લે છે અને નીચેનાં સ્ટાફ પર પણ કંટ્રોલ રાખે છે. અને ભારતમાં અમો નાગરીકો પાસે કમિશ્નર બદલવાની સત્તા નથી, આ સત્તા માત્ર મિનિસ્ટર પાસે છે. પરિણામ? કમિશ્નરો પી આઇ ને ટાર્ગેટ આપે છે, અમુક ભાગ પોતે રાખે અને અમુક મિનિસ્ટરને પહોંચાડે. **ભારતમાં ભ્રષ્ટાચાર વધારે છે, તો તેનું એકમાત્ર કારણ છે - અમો નાગરીકો પાસે પોલિસ કમિશ્નરને બદલવાની પ્રોસીજર યાને રાઇટ ટુ રિકોલ નથી.** કમિશ્નર ઉપરાંત અમેરીકામાં નાગરીકો પાસે સ્થાનિક ન્યાયાધીશો, મેયર, ધારાસભ્યો, જિલ્લા સરકારી વકીલ અને મુખ્યમંત્રીને કાઢી મુકવાની પ્રોસીજર છે. આને આથી આ તમામ અધિકારીઓમાં ભ્રષ્ટાચાર ભારતની સરખામણીમાં ઓછો છે. અને તેજ અમેરીકામાં સાંસદો, પ્રધાનમંત્રી, કેન્દ્રનાં અધિકારીઓમાં પ્રચુર ભ્રષ્ટાચાર છે, કેમકે તેઓને કાઢી મુકવાની નાગરીકો પાસે કોઇ પ્રોસીજર નથી. આમ અમેરીકાનો દાખલો પણ સાબીત કરે છે કે ભ્રષ્ટાચારને કલ્ચર, ઇતિહાસ, જાગૃતિ વગેરે કારણો સાથે જોઇજ લેવા દેવા નથી. આ રાઇટ ટુ રિકોલ જાનલોકપાલની કલમો લોકપાલનાં કાયદામાં ઉમેરી **લોકપાલનાં કાયદાને વધારે મજબુત બનાવવીએ.**

## આ જનલોકપાલ  અને  રાઇટ ટુ રિકોલ જનલોકપાલની માંગણીને ટેકો આપવા આપને  જાહેર સભામાં આવવા વિનંતી છે.

(રાહુલ ચીમનભાઇ મહેતા , રાઇટ ટુ રિકોલ ગ્રુપ , ૯૮૨૫૧-૨૭૭૮૦)